# Mark Scheme (Results)

Summer 2023

Pearson Edexcel GCSE
In Gujarati (1GU0/1F)
Paper 1: Listening (Foundation Tier)

# GCSE June 2023 Gujarati Foundation tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

**SECTION A**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1** | A C F | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(ii)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(iii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(Abeer)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Sushma)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3 (Rohan)** | F | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Bandini)** | E | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Mihir)** | G | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4(Anupama)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(a)** | It is exercise | **(1)** |

| Question number | Answer | Reject | Reject |
|---|---|---|---|
| **5(b)** | Makes one strong<br>**OR**<br>Vegetables can be grown | Flowers | **(1)** |

| Question number | Answer | Reject | Mark |
|---|---|---|---|
| **5(c)** | Fresh vegetables | Vegetables on its own | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(d)** | Fruits | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(a)** | hard | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | careers<br>**AND**<br>income<br>(Answers need to be in the same order) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7** | B D G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)** | It is balanced<br>**OR**<br>It is nutritious | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)** | Made with various spices | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(c)** | Eating only roasted savoury dishes<br>**OR**<br>Not eating fried savoury dishes<br>(Answer must have savoury dishes) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(i)** | D | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(ii)** | B | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(iii)** | A | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(iv)** | C | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(a)** | Available on a mobile phone<br>**OR**<br>Any destination (in any country) can be reached easily | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(b)** | Re-routing/directs to take an alternative route | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(c)** | Guidance on travelling time | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(d)** | Provides information on the exact location of important places | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **11** | C E G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(a)** | Made of wood | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(b)** | Natural | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(c)** | Festival of colours (Accept Holi/Dhuleti) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **12(d)** | Villagers | **(1)** |

## SECTION B

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(a) | સરખાપણું | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(b) | બેઠેલાં | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(c) | સંપ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(d) | સક્રિય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 13(e) | જ્ઞાન | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(a) | પોતાના | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(b) | વિવિધ | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(c) | કૌશલ્ય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(d) | મૂલ્ય | (1) |

| Question number | Answer | Mark |
|---|---|---|
| 14(e) | વિવિધ | (1) |

# Transcript

## Summer 2023

Pearson Edexcel GCSE

In Gujarati (1GU0) Paper 1F

**SECTION A**

**World Music Day**

**Question 1**

**Example:**

**M1:** અમે નિશાળમાં વિશ્વ સંગીત દિવસની ઉજવણી ખૂબ આનંદથી કરી હતી.

**Question 1**

**M1:** મને વિશ્વવિખ્યાત સંગીતકારો વિશે ઘણું જાણવા મળ્યું.

**M1:** વિદ્યાર્થીઓએ વાજિંત્રો વગાડીને અનેક ભાષાઓમાં ગીતો રજૂ કર્યાં હતાં.

**M1**: હું ગુજરાત જઈને શાસ્ત્રીય સંગીત શીખવાનું વિચારું છું.

**Importance of reading**

**Question 2**

**Example:**

**F1:** કહેવાય છે કે પુસ્તકો સાચા મિત્રો છે કારણ કે તેઓ આપણું એકલવાયાપણું દૂર કરે છે.

**Question 2 Part (i)**

**F1:** સારાં પુસ્તકો વાંચવાથી ભાષાનો વિકાસ થાય છે.

**Question 2 Part (ii)**

**F1:** વાંચન કરવાથી આપણને જુદા જુદા વિષયો વિશે જાણવા મળે.

**Question 2 Part (iii)**

**F1:** આપણી વિચારશક્તિ અને કલ્પનાને ખીલવવા માટે આપણે દરરોજ વાંચન કરવું જોઈએ.

## Holiday experiences in Gujarat

**Question 3**

**Example:**

**F1:** અબીર, ગુજરાતમાં તને સૌથી વધુ શું કરવાનું ગમ્યું?

**M1**: જિજ્ઞા, મને અમદાવાદમાં *માણેક ચોક*ની રાત્રી-બજારમાં જવાનું ખૂબ ગમ્યું.

**Question 3**

**M1:** ત્યાં ગુજરાતની સ્વાદિષ્ટ વાનગીઓ ચાખવાની તો શું મજા પડી!

**F1:** સુષ્મા તને?

**F2:** વડોદરામાં રંગીન બારીઓવાળો *લક્ષ્મીવિલાસ મહેલ* જોવાનું. તેની ચારેકોર આવેલા સુંદર લીલાછમ બગીચાઓમાં ફરવાથી એટલી શાંતિ મળી.

**F1:** અને રોહન તને?

**M2:** ગુજરાતનાં સૌથી જૂનાં અને જાણીતાં *ભૂજ સંગ્રહાલય*માં જવાનું. ગુજરાતના ઇતિહાસ વિશે કેટલુંય જાણવા મળ્યું.

## A unique school

**Question 4**

**Example:**

**F2:** હું બંદીની. ભાવનગર વિશ્વવિદ્યાલયના શિક્ષક, ઓમ ત્રિવેદીએ ફૂટપાથ ઉપર રહેતા પરિવારોનાં બાળકોને ભણાવવા માટે *ભાઈબંધની નિશાળ* નામની શાળા શરૂ કરી છે.

**Question 4**

**F2:** તેઓ બત્તીનાં અજવાળે રાત્રી વર્ગો ચલાવીને, અંધકારમાં જ્ઞાનનાં અજવાળા ફેલાવે છે. મિહીર, તું કહે.

**M2:** બાળકોને નિશાળ સુધી મૂકવા-લેવા માટે રિક્ષાની સગવડ તેમજ ભોજનની મફત સેવા આપે છે. અનુપમા, તું જણાવ.

**F1:** તેઓ બાળકોના શિક્ષક બનીને નહીં પરંતુ મિત્ર બનીને શિક્ષણની પ્રવૃત્તિઓ કરાવી રહ્યા છે.

## Gardening

**Question 5**

**Question 5 Part (a)**

**F1:** કાઇરા, બાગકામ એ વ્યાયામ છે.

**F2:** હા નાવ્યા, બાગકામ કરવાથી શરીર તાકાતવાન બને છે.

**Question 5 Part (b)**

**F1:** બગીચામાં આપણે ફૂલ વાવી શકીએ.

**F2:** અને શાકભાજી પણ.

**Question 5 Part (c)**

**F1:** તાજાં શાકભાજીથી બનાવેલું ભોજન એટલું મીઠું લાગે!

**F2:** મેં અમારા બગીચામાં ફળના ઝાડ વાવ્યાં છે.

**A successful career**

**Question 6**

**M1:** કોઈપણ નોકરી કે વ્યવસાયમાં સફળ થવા માટે લક્ષ્ય હોવું જરૂરી છે. જે લોકો આળસ દૂર કરીને મહેનત કરે છે તેઓ ઉચ્ચ ધોરણે પહોંચીને ખૂબ પૈસા કમાય છે.

**M2:** મને તો જરૂરિયાત પૂરતાં જ પૈસા કમાવા છે. બીજા લોકોને તેઓના કામધંધામાં મદદ કરીને આગળ વધારવા, એ મારી સૌથી મોટી સફળતા રહેશે.

**Online events co-ordinator**

**Question 7**

**Example:**

**F2:** અમારા સ્થાનિક યુવક કેન્દ્રમાં હું શનિરવિ કામ કરતી હતી ત્યારે મેં *ઑનલાઇન લેન્ગ્વેજ એક્સ્ચેન્જ* નામના એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

**Question 7**

**F2:** સૌ પ્રથમ, મેં દુનિયાભરના કેટલાક ભાષા શીખનારાઓ, શિક્ષકો અને વ્યવસાયીઓનો સંપર્ક કર્યો. કાર્યક્રમમાં જોડાઈને તેઓએ ચિત્ર પ્રદર્શન દ્વારા જુદી જુદી ભાષાઓ શીખવા અને શીખવવાની રીતો વિશે સમજણ આપી. સવાલ-જવાબ કરવા માટે પણ બધાને તક મળી હતી. બહુભાષી લોકો માટે વિવિધ ભાષા સંબંધિત વ્યવસાયોમાં આગળ વધવા માટેના રસ્તા સરળ બને છે.

**Gujarati meal**

**Question 8**

**F1:** મારા મતે, દરરોજનું ગુજરાતી ભોજન સંતુલિત અને પૌષ્ટિક હોય છે. કોઈને દાળ-ભાત શાક-રોટલી ખાઈને કંટાળો આવે, પરંતુ મને નહીં! માતા વિવિધ મસાલાના સ્વાદથી ભરપૂર વાનગીઓ પીરસે. મને કોરાં તેમજ કઢીવાળાં શાક, કઠોળ અને ભાજી સાથે કચુંબર બહુ ભાવે. તળેલાં કરતાં શેકેલાં ફરસાણ ખાવાથી મારું વજન એક સરખું રહે છે.

## Weather in Gujarat

**Question 9**

**Example:**

**M1:** ગુજરાતનાં હવામાન વિશે જાણવા હું કાયમ ગુજરાતી છાપામાં નજર ફેરવી જાઉં.

**Question 9**

**M1**: ઉનાળાના ચાર મહિનાની ગરમીથી કંટાળી ગયેલા લોકો વરસાદની રાહ જોતા હતા. દક્ષિણ ગુજરાતમાં સારા પ્રમાણમાં વરસાદ પડવાથી લોકો ખુશ છે. કચ્છમાં અણધાર્યું વાવાઝોડું આવ્યું છે. દરિયામાં ઊંચાં ઊંચાં મોજાંને કારણે વાતાવરણ ગંભીર બન્યું છે. અમુક લોકો ઘરબાર વગરના થઈ ગયા છે.

**F2:** ભારે વરસાદ પડવાને કારણે લીલા દુકાળની સ્થિતિ સર્જાઈ છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી અનાજનો પાક નાશ પામ્યો છે. બધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઉડાણ રદ કરવામાં આવી છે તેથી સર્વે મુસાફરો નાખુશ છે. બચાવ-સેવાના કર્મચારીઓ રસ્તાઓ પર ફસાઈ ગયેલા વાહનચાલકોને મદદ કરવા માટે ખૂબ મહેનત કરી રહ્યા છે.

## Google Maps

**Question 10**

**M1:** મોબાઇલ ફોનમાંથી *ગુગલ* નકશાની સેવા દ્વારા કોઈપણ દેશમાં એક સ્થળેથી બીજા સ્થળે સહેલાઈથી પહોંચી શકાય. બરાબરને કૈલાશ?

**F1:** હા મનન, પહેલેથી જાણી શકાય કે ક્યા રસ્તા પર વાહનોની ભીડ છે અને બીજો રસ્તો લેવાની સૂચના પણ મળી શકે. પ્રણવ, તને શું લાગે છે?

**M2:** ચાલીને તેમજ બસ અને ટ્રેનમાં વિવિધ સ્થળોએ પહોંચવામાં કેટલો સમય લાગે, તે વિશે પણ માર્ગદર્શન મળી રહે છે. સ્નેહા, તું શું કહે છે?

**F2:** મારા મત પ્રમાણે, આ સગવડ દ્વારા અગત્યની જગ્યાઓનું ચોક્કસ સ્થાન જાણી શકવાથી સફરનું આયોજન કરવું ખૂબ સહેલું પડે.

## International Olympics and Paralympics

**Question 11**

**Example:**

**M1:** વિશ્વભરના ખેલાડીઓને એક જ મંચ પર લાવવા માટે, દર વર્ષની 23 જૂને આંતરરાષ્ટ્રીય *ઑલિમ્પિક* અને *પેરાલિમ્પિક* દિવસની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવે છે.

**Question 11**

**M1:** રમતગમતમાં ભાગ લઈ, તેને જીવનનો હિસ્સો બનાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા, તે આ દિવસની ઊજવણીનું મુખ્ય લક્ષ્ય છે. ૨૦૨૧માં વિશ્વનો ચોવીસ કલાકનો અનોખો *ડિજિટલ ઑલિમ્પિક* દિવસ યોજાયો હતો. અનેક રાષ્ટ્રોના રમતવીરોએ તેમની રોજિંદી દિનચર્યા વિશે માહિતી આપી હતી. તેઓએ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવવા માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

૨૦૨૧ની *પેરાલિમ્પિક્સ*માં મહેસાણાના *સુંઢિયા* ગામની એક દિવ્યાંગ દીકરી, ભાવિના પટેલે અદ્દભુત કળા બતાવી. તે ટેબલ ટેનિસની રમતમાં અંતિમ તબક્કે પહોંચનારી પ્રથમ ગુજરાતી મહિલા હતી. ખરેખર તેણીએ વધાર્યું છે ગુજરાતનું ગૌરવ!

**A school trip**

**Question 12**

**F2:** ગયા વર્ષે હું મારી નિશાળ સાથે બે દિવસના ડાંગના પ્રવાસમાં ગઈ હતી. ડાંગ એટલે લાકડી અને મુખ્યત્વે ત્યાં લાકડાંમાંથી બનાવેલાં ઘરો હોય છે. મનને ખુશ કરે તેવાં સુંદર પ્રાકૃતિક દૃષ્યો જોયાં. *ડાંગ દરબાર* નામના વાર્ષિક સાંસ્કૃતિક મેળામાં રંગોનો ઉત્સવ ઊજવાયો હતો. ગામવાસીઓની નૃત્યકળા, વાદ્યકળા અને ગાયિકીની રજૂઆત મારી યાદોમાં હંમેશાં રહેશે.

**SECTION B**

## મારા દાદાજી

**સવાલ ૧૩**

**ઉદાહરણ:**

**F1**: મારા દાદાજી આજે જીવિત નથી પરંતુ, તેમના સંપર્કમાં આવેલા સૌ કોઈના મનમાં તે વસેલા છે.

**સવાલ ૧૩**

**F1**: મારા જેવા જ હતા તેમના વાંકડિયા વાળ અને ગોળમટોળ હસમુખ ચહેરો. કામ કરવાની તેમની ધગશ, તો યુવાનોને શરમાવે તેવી હતી. અમે જરા પણ આળસ કરીએ તો દાદાજી ઠપકો આપતા. પરિવારની નાનીમોટી મુશ્કેલીઓ તેઓ સહેલાઈથી દૂર કરી શકતા. સ્થાનિક દાનધર્મની સંસ્થાઓને ઉદારતાપૂર્વક દાન આપવાનાં કાર્યોમાં તેઓ હંમેશાં મને સામેલ કરતાં. તેમની એક અમૂલ્ય સલાહ, કે ફક્ત કહેવાથી કંઈ ન થાય, તે કરીને બતાવવું પડે. એ મારા જીવનનું ભાથું બની રહ્યું છે.

## સ્વયંસેવા

**સવાલ ૧૪**

**ઉદાહરણ:**

**M1**: હું માનું છું કે નવા અનુભવો લેવા માટે અને જરૂરિયાતવાળા લોકોને મદદ કરવા માટેનો શ્રેષ્ઠ માર્ગ છે સ્વયંસેવા.

**સવાલ ૧૪**

**M1:** એક નિશાળના વિદ્યાર્થી તરીકે, મારું ધ્યાન ફક્ત મારી જરૂરિયાતો પર કેન્દ્રિત હતું. જ્યારે મેં સ્વયંસેવક તરીકે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે મારી દૃષ્ટિ બદલાઈ ગઈ. ઉનાળાની રજામાં સ્થાનિક હોસ્પિટલમાં સેવા આપતા પહેલાં મને યોગ્ય તાલીમ આપવામાં આવી હતી. હું લોકોને પ્રવેશદ્વાર પાસે આવકાર આપી માર્ગદર્શન આપતો. બાળકોના વિભાગમાં રમતગમત અને ચિત્રકામ તેમજ વૃદ્ધોને મનોરંજન કરાવતો.

ગંભીર બીમારીઓનો સામનો કરનાર લોકો અને તબીબો સાથે વાતચીત કરતાં મને સમજાયું કે માનવ જીવન કેટલું કીમતી છે. દરેક દિવસ એક ઉપહાર છે. ભવિષ્યમાં હું ગુજરાતના સ્વયંસેવકો સાથે જોડાઈને, યુવાનોને ટેકો અને શિક્ષણ આપવાની જુદી જુદી પ્રવૃત્તિઓનું આયોજન કરીશ.